નવસારીમાં ઈન્ટરનેશનલ ગાંજા નેટવર્ક



ખારેલ ઓવરબ્રિજ પાસે બે કારમાંથી રૂ.3.28 કરોડનો હાઇબ્રિડ ગાંજો મળ્યો

ચારની ધરપકડ, નવ આરોપીઓ વોન્ટેડ

નવસારી : નવસારી જિલ્લા પોલીસની લોકલ ક્રાઇમ બ્રાન્ચે નશીલા પદાર્થોની હેરાફેરી કરતા નેટવર્કનો પર્દાફાશ કરી ખારેલ ઓવરબ્રિજ પાસેથી રૂ. 3.28 કરોડથી વધુ કિંમતનો હાઇબ્રિડ ગાંજો ઝડપી પાડ્યો છે. બે અલગ-અલગ કારમાં લઈ જવાતો 9.375 કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતાં પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે અન્ય નવ આરોપીઓની સંડોવણી બહાર આવતાં તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ, બેંગકોકથી મુંબઈના માર્ગે ગુજરાતમાં હાઇબ્રિડ ગાંજાનો જથ્થો પહોંચાડવામાં આવતો હતો. આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર ગણાતો પ્રમોદ પાઠક વિદેશી સંપર્કોના માધ્યમથી ગાંજાનો જથ્થો મંગાવતો હતો. મુંબઈથી વાપી પહોંચેલા જથ્થાની વડોદરા ખાતે ડિલિવરી આપ્યા બાદ પરત ફરી રહેલા આરોપીઓ ખારેલ નજીક પોલીસની ઝપટે ચઢ્યા હતા.

LCBને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખારેલ ઓવરબ્રિજના સર્વિસ રોડ પર પોલીસની ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન કાળા રંગની થાર અને સફેદ રંગની ક્રેટા કારને અટકાવી તપાસ કરતાં તેમાંથી 9.375 કિલોગ્રામ હાઇબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત રૂ. 3,28,12,500 થાય છે.

પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત બંને કાર, સાત મોબાઇલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂ. 3,56,06,270નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં પ્રમોદ પાઠક, વિષ્ણુ સિંહ, પ્રેમચંદ ઉર્ફે રાહુલ યાદવ અને મીકેત પટેલનો સમાવેશ થાય છે. પ્રથમ ત્રણ આરોપીઓ વાપી ખાતે રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના હોવાનું, જ્યારે ચોથો આરોપી દમણનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

આ કેસમાં અન્ય નવ શખ્સોનાં નામ ખૂલતાં પોલીસ દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ગણદેવી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરાઈ છે.

ચીખલી ડીવાયએસપીના સુપરવિઝન હેઠળ ગણદેવી પોલીસ દ્વારા વિદેશથી ગુજરાત સુધી ફેલાયેલા આ નેટવર્કની કડીઓ જોડવામાં આવી રહી છે. નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલે જણાવ્યું હતું કે, નશામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ડ્રગ્સના ગેરકાયદે વેપાર સામે પોલીસની કાર્યવાહી ચાલુ રહેશે અને આ પ્રકરણમાં સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી પાડવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



પકડાયેલા આરોપી

પ્રમોદ કૃપાશંકર પાઠક (ઉ.વ. 34, રહે. વટાર, વાપી, મૂળ મિર્ઝાપુર, ઉત્તર પ્રદેશ)
વિષ્ણુ મહેશ રામકિશન સીંગ (ઉ.વ. 30, રહે. વટાર, વાપી, મૂળ ઇટાવા, ઉત્તર પ્રદેશ)
પ્રેમચંદ ઉર્ફે રાહુલ લાલજી જુઠન યાદવ (રહે. સાંઇ દર્શન રેસિડેન્સી, વટાર, વાપી, મૂળ ગાજીપુર, ઉત્તર પ્રદેશ)
મિકેત પ્રવિણભાઇ કેશવભાઇ પટેલ (રહે. ડાભેલ ગામ, દમણ)નો સમાવેશ થાય છે.

વોન્ટેડ આરોપી

• બેંગકોકમાં રહેતો રોની • મુંબઈના ક્રિષ્ના • દમણના બંટી • વિકાસ ઉર્ફે મોક્ષભૈયા જયસ્વાલ • જયંતી પ્રજાપતિ • ગુરકરંદસિંહ બેન્સ • અબ્દુલ રહેમાન સમીમ હક • વિપુલ ખટવા • ઋત્વિક કલ્સકર

ઉદ્ઘાટનના થોડા જ સમયમાં ખેરગામ તાલુકાના ભૈરવી ગામનું

'નમો' વડવન 'ઝૂકી' ગયું

તૂટેલાં બાંધકામ, ગંદકી, અસુરક્ષિત કુટિર અને મહિલાઓ માટે દરવાજા વિનાનાં શૌચાલયો સામે સવાલ

વિકાસનાં નામે લાખો રૂપિયાનો ખર્ચ કરીને સુવિધાઓ ઊભી કરવી સહેલી છે, પરંતુ સુવિધાઓને જાળવી રાખવાની જવાબદારી કોની?

ખેરગામ: ખેરગામ તાલુકાના ભૈરવી ગામમાં 5 જૂન, ૨૦૨૫ના રોજ 'નમો વડવન'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગામના લોકો અને આસપાસના વિસ્તારના પરિવારો માટે આ સ્થળ હરિયાળી, મનોરંજન અને શાંતિથી સમય પસાર કરવાનું સુંદર સ્થળ બનશે તેવી અપેક્ષા હતી. પરંતુ ઉદ્ઘાટનના થોડા જ સમયમાં અહીંની હાલત એવી બની છે કે વિકાસના દાવાઓ સામે જાળવણીની વાસ્તવિકતા ખુલ્લી પડી રહી છે.

આજે અહીં તૂટેલી લાઇટો, કચરાથી ઊભરાતી કચરાપેટીઓ, જર્જરિત સેલ્ફી પોઇન્ટ, તૂટેલો વોકિંગ પાથ, જોખમી કુટિર અને મહિલાઓ માટે પણ યોગ્ય સુવિધા વિનાનાં શૌચાલયો જોવા મળે છે.





'I LOVE NAMO VADVAN'નું લાઇટિંગ બોર્ડ તૂટ્યું, જાહેર નાણાંનો બગાડ કોના માથે?

પ્રવેશદ્વાર પાસે મૂકવામાં આવેલું 'I LOVE NAMO VADVAN'નું હજારોના ખર્ચે બનેલું મોટું લાઇટિંગ બોર્ડ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું. પરંતુ આ બોર્ડ એવી નીચી જગ્યાએ લગાવવામાં આવ્યું હતું કે બાળકો પણ સરળતાથી હાથ લગાવી શકે. સામાન્ય ઘરમાં પણ લાઇટ કે ઇલેક્ટ્રિક સાધનો એવી જગ્યાએ લગાવવામાં આવે છે કે બાળકોના હાથ ન પહોંચે અને નુકસાન ન થાય. તો પછી જાહેર સ્થળે આટલી કિંમતનું લાઇટિંગ બોર્ડ લગાવતી વખતે આટલી સામાન્ય તકેદારી કેમ ન રાખવામાં આવી?

કચરાપેટીઓ ઉભરાય છે, સફાઈ કરનાર કોઈ નથી!

વડવનની અંદર અનેક જગ્યાએ કચરો ફેલાયેલો જોવા મળે છે. કચરાપેટીઓ ભરાઈને ઉભરાઈ રહી છે, છતાં તેને સમયસર ખાલી કરવામાં આવતી નથી. તેની નિયમિત સફાઈ અને કચરાના નિકાલની જવાબદારી પણ એટલી જ જરૂરી છે.

સવાલ એ છે કે આટલી સુંદર જગ્યા બનાવ્યા પછી તેની જાળવણી માટે કોઈ જવાબદાર વ્યક્તિ કે વ્યવસ્થા નક્કી કરવામાં આવી હતી કે નહીં? જાહેર નાણાં ખર્ચીને સુંદર સ્થળ બનાવવું એ વિકાસનો એક ભાગ છે, પરંતુ તેને સુરક્ષિત, સ્વચ્છ અને ઉપયોગી રાખવું એ સાચા વિકાસની ઓળખ છે.

ઉદ્ઘાટનના દિવસે ફિતા કાપીને ફોટા પડાવવા જેટલો ઉત્સાહ જો જાળવણીમાં પણ દેખાય તો જ જાહેર સંપત્તિનો સાચો ઉપયોગ થઈ શકે.

મોબાઇલ ગરમ થવા લાગ્યો અને 95 હજાર ઉપડી ગયા

ઉમરગામના સરોંડા ગ્રામ પંચાયતના વાયરમેન સાથે સાયબર ફ્રોડ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરોંડા ગ્રામ પંચાયત ના વાયરમેન સાથે રૂપિયા 95 હજારનો સાયબર ફ્રોડ થયો છે.

પ્રાપ્ત પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, સરોંડા ગામના મલિયાવાડમાં રહેતા નિતેશભાઈ ચતુરભાઈ રાઠોડ સરોંડા ગ્રામ પંચાયતમાં વાયરમેન તરીકે નોકરી કરે છે. તેમનું નારગોલ સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં સેવિંગ એકાઉન્ટ છે ફરિયાદ મુજબ ગત 6 ઓક્ટોબર 2026ના રોજ સાંજે આશરે 18:00 થી 19:30 વાગ્યાની વચ્ચે તેમના મોબાઇલમાં ક્રોમ મારફતે વિવિધ APK ફાઇલો ડાઉનલોડ થઈ હતી. ત્યારબાદ તેમનો મોબાઇલ અચાનક ગરમ થવા લાગ્યો હતો અને સ્ક્રીન પર ColorOS 15 અપડેટ થતું હોવાનું દેખાયું હતું. તેમણે અપડેટ બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે બંધ થયું નહોતું. અપડેટ પૂર્ણ થયા બાદ ફરીથી આવી જ પ્રક્રિયા શરૂ થતાં મોબાઇલ હેક થયો હોવાની શંકા ગઈ હતી. આથી તેઓ તાત્કાલિક નારગોલ ખાતે મિત્રની ઇલેક્ટ્રોનિક્સની દુકાને પહોંચ્યા હતા. જ્યાં બેંક ઓફ બરોડાની એપ્લિકેશન મારફતે ખાતાનું બેલેન્સ તપાસતાં ખાતામાંથી કુલ રૂ. 95,000 કપાઈ ગયાનું જાણવા મળ્યું હતું.

વાપીમાં યુવકને કોઈ વાહન ચાલકે અડફેટે લેતાં મોત

વાપી : વાપીના ચણોદ ગેટ પાસે રસ્તા પરથી પસાર થતાં એક ૩૦ વર્ષના યુવકને કોઈ વાહન ચાલકે અડફેટે લેતા સારવાર દરમિયાન સુરત સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. વાપીના ચણોદ ગેટ પાસે સેલવાસ તરફ જતા રસ્તા ઉપર ૩૦ વર્ષનો યુવક જેના હાથ ઉપર હિન્દીમાં વિશાલ લખ્યું છે. તેમજ અંગ્રેજીમાં વીએસ અને ઓ લખ્યું છે. તથા ત્રિશૂલ પાડ્યું છે. આ યુવકને રાત્રે કોઈ વાહન ચાલકે અડફેટે લેતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પહેલા ચલા સરકારી હોસ્પિટલ ત્યાર બાદ વલસાડ સિવિલ હોસ્પિટલ તથા ત્યાંથી વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો જો કે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

વાપીનો જે ટાઈપનો બ્રિજ 15 સુધીમાં કાર્યરત થઈ જશે

ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં કનુભાઈએ ખાતરી આપી

વાપી : વાપી વીઆઈએ ગ્રાઉન્ડમાં રવિવારે પારડી વિધાનસભાના દિવાળી નૂતન વર્ષના ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ વાપીનો જે ટાઈપ ઓવરબ્રિજ 15 ડિસેમ્બર સુધીમાં કાર્યરત થઈ જશેની ખાતરી આપી હતી.

ભારતીય જનતા પાર્ટી દ્વારા પારડી વિધાનસભા વિસ્તારના નાગરિકો અને કાર્યકર્તાઓ માટે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન



કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જનસંઘી,સમાજના આગેવાનોનું અભિવાદન કરવામાં આવ્યુ હતું. શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઈ અને વાપી સ્ટેન્ડિંગ કમિટિના ચેરેમન સતિષ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યા હતાં.કાર્યકરોને સંબોધન કરતા નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ડુંગરામાં એસટીપી પ્લાન્ટ બની ચુકયો છે.દરિયામાં વહી જતા પાણીના કારણે નામધામાં 160 કરોડના ખર્ચે ડેમનું નિર્માણ થવા જઈ રહ્યું છે.હવે કામગીરી શરૂ થશે.15 ડિસેમ્બરે વાપી જે ટાઈપ બ્રિજ અને 31 ડિસેમ્બરે અંડરપાસની કામગીરી પૂર્ણ થતાં ફરી ઉજવણી કરીશું.છેલ્લા પાંચ વર્ષમાં અનેક નાના-મોટા પ્રોજેકટો પૂર્ણ થયાં છે.વાપી બિલખાડી પહોળી થવાથી વરસાદી પાણીનો ભરાવાનો પ્રશ્ન ઉકેલાયો છે. આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીહર્ષ સંઘવી,પ્રદેશ ભાજપ અધ્યક્ષે જગદીશભાઈએ સંબોધન કર્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ગણદેવી ખાતે શ્રી સત્ય સાઈબાબાની ૧૦૧મી જન્મજયંતી નિમિત્તે ૮૨ યુનિટ રક્તદાન



બીલીમોરા : શ્રી સત્ય સાઈ બાબાની ૧૦૧મી જન્મજયંતિના પાવન અવસરે ગણદેવી શ્રી સત્ય સાઈ સેવા સમિતિ દ્વારા રવિવારે સિનિયર સિટીઝન હોલમાં રક્તદાન શિબિર યોજી હતી. આ સેવાયજ્ઞમાં કુલ ૮૨ રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરીને પોતાનો 'પ્રવાહી પ્રેમ' અર્પણ કર્યો હતો અને ભગવાનના આશીર્વાદના સહભાગી બની ધન્યતા અનુભવી હતી. આ કેમ્પમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સમિતિના સભ્યો અને સ્વયંસેવકોની જહેમતથી સમગ્ર શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

વાંસદાના વડબારી ખાતે પોલિયો અભિયાનમાં ભોજનની પણ વ્યવસ્થા કરાઈ



વાંસદા: વાંસદાના વડબારી ફળિયા વિસ્તારમાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત નાના ભૂલકાઓને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયત સભ્ય હસમુખલાલ બી. શર્મા ના પૌત્રી હિતાંશી ના જન્મ દિવસ નિમિત્તે સેવાકીય કામ સાથે આંગણવાડીના ભુલકાંઓ સાથે હર્ષોલ્લાસ થી ઉજવણી કરી હતી, આંગણવાડીના આશરે ૧૦૧ બાળકોને વોટર બોટલ નું વિતરણ કરી તથા ૩૫૦ જેટલા વાલી-ગ્રામજનો સાથે રાખીને ભોજન ની વ્યવસ્થા આંગણવાડી ખાતે કરવામાં આવી હતી. બાળકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને પોલિયોમુક્ત સમાજનું નિર્માણ થાય તેવા ઉમદા હેતુ સાથે આ અભિયાનમાં સૌએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ને સફળ બનાવવા આંગણવાડી કાર્યકરો, ગ્રામ્ય મેડીકલ સ્ટાફ સહિત ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

દક્ષિણ ગુજરાતમાં MEMU ટ્રેનો શરૂ કરવા રજૂઆત

ખેરગામ : દક્ષિણ ગુજરાતના હજારો દૈનિક મુસાફરોની હાલાકી દૂર કરવા માટે સવારના પીક-અવર્સમાં નવીMEMU ટ્રેનો શરૂ કરવા અને બંધ કરાયેલી ટ્રેનો પુનઃસ્થાપિત કરવા બાબતે સમસ્ત આદિવાસી સમાજના અગ્રણી અને ખેરગામના તબીબ ડો. નીરવભાઈ પટેલ દ્વારા રેલવે મંત્રાલયને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, હજારો મુસાફરોની હાલાકી, દક્ષિણ ગુજરાત એક મોટું ઔદ્યોગિક અને શૈક્ષણિક હબ હોવાથી બીલીમોરા, અમલસાડ, નવસારી અને આસપાસના ગ્રામીણ તથા આદિવાસી વિસ્તારોમાંથી હજારો વિદ્યાર્થીઓ, રોજમદાર કામદારો અને નોકરિયાતો દરરોજ વાપી, સરીગામ, ઉમરગામ GIDC તેમજ સુરત અને ભરૂચ તરફ અપડાઉન કરે છે અને સવારના સૌથી મહત્વપૂર્ણ પીક-અવર્સ (સવારે ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમિયાન) આ રૂટ પર કોઈ નવી લોકલ કે MEMU ટ્રેન શરૂ કરવામાં આવી નથી.

ડાંગમાં કાર ભેખડ સાથે અથડાતાં સુરતની મહિલાનું મોત નીપજ્યું

ડિંડોલીના રહેવાસીનાં પત્ની કાર નીચે જ દબાઇ ગયાં

સાપુતારા : ડાંગ જિલ્લાના શિવારીમાળ ખાતે કાર ભેખડ સાથે અથડાઇ જતાં સુરતની મહિલાનું મોત થયું હતું.ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, તા. ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ કલાક ૦૫/૩૦ વાગ્યાના અરસામાં શિવારીમાળ ગામે આવેલ વળાંકમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ બનાવમાં ઇકો ગાડી ફોરવ્હીલ (રજી. નં. GJ-05-RV-4139) ના ચાલક મનોજ રવિન્દ્ર બિરાડે (ઉં.વ. ૪૦, રહે. પ્લોટ નં. ૧૦૬૧, મહાદેવ નગર વિભાગ-૧, ડિંડોલીગામ ઉધના, સુરત સિટી) એ તેના હવાલાની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી વળાંકમાં ભેખડ સાથે ટક્કર મારી ગાડી પલ્ટી ખવડાવી દીધી હતી.આ અકસ્માતમાં ફરિયાદી પરાગ સુરેશરાવ બાગલ (ઉં.વ. ૪૦, ધંધો-હીરા ઘસવાનો, રહે. હાલ-સુરત, ઘર નં. ૧૩૩, મહાદેવનગર-૨, ડીંડોલી, સુરત; મૂળ રહે. નિમગુળ, તા. સીંધખેડા, જિ. ધુલીયા, મહારાષ્ટ્ર) ના પત્ની ભારતીબેન પરાગ સુરેશ બાગલ (ઉં.વ. ૩૪) ગાડી નીચે દબાઈ ગયા હતા. તેમને માથા તથા ચહેરા પર ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતુ. જ્યારે ગાડીમાં સવાર અન્ય સાહેદોને શરીરે નાની-મોટી તથા મૂઢ ઈજાઓ થઈ હતી.



ખેરગામના લેબર કોન્ટ્રાક્ટરના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૯૫ હજાર કપાઈ ગયા

ઇ ત્રિશુલ એપ્લિકેશનમાં ચેક કરતાં ત્રણ એપીકે ફાઇલ જોવા મળી

ખેરગામ : ખેરગામ તાલુકાના પેલાડી ભૈરવીના લેબર કોન્ટ્રાક્ટર સાથે અજાણ્યા શખ્સે ઓનલાઈન છેતરપિંડી કરી રૂ. ૯૫,૦૦૦ પડાવી લેતાં મામલો ખેરગામ તાલુકાના પેલાડી ભૈરવી નહેર ફળિયામાં રહેતા સરીન બચુભાઈ પટેલ લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ તા.૨/૧૧/૨૦૨૬ના રોજ સાંજે આશરે પાંચ વાગ્યાના સુમારે તેઓ ઘરે હતા અને પોતાના મોબાઈલમાં એક્સિસ બેંકની એપ ખોલી ક્રેડિટ કાર્ડનું બિલ ચેક કરી રહ્યા હતા. ત્યારે રૂ.૯૫,૦૦૦ કપાઈ ગયાનું જાણવા મળ્યુ હતું.

ક્રેડિટ કાર્ડમાંથી ઓટો ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા રકમ ઉપડી જતાં તેમણે તાત્કાલિક નેશનલ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરી ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી.

નવસારીમાં ખીલીની પથારી પર 1400 કિલો વજનનો રેકોર્ડ થશે

14 લોકો આ સાહસિક પ્રદર્શનમાં જોડાશે

નવસારી : સાહસ, શારીરિક ક્ષમતા અને અદભુત માનવીય કૌશલ્યના પ્રદર્શનનું નવસારી સાક્ષી બનવા જઈ રહ્યું છે. વિશ્વસ્તરે સાત ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવી ચૂકેલા વિસ્પી કાસદ અને તેમની ટીમ ઇન્ડિયા દ્વારા શહેરમાં આઠમો વિશ્વવિક્રમ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. આ માટે 14 વ્યક્તિઓને ખીલીઓની પથારી પર એકસાથે ગોઠવી વિશિષ્ટ સેન્ડવિચ ફોર્મેશન તૈયાર કરવામાં આવશે.



આ કાર્યક્રમ 29 નવેમ્બર, 2026ના રોજ વિદ્યાકુંજ સ્કૂલ કેમ્પસ ખાતે બપોરે ૩થી સાંજે 5 વાગ્યા દરમિયાન યોજાશે. આયોજનની વિશેષતા એ છે કે 25.5 ફૂટ ઊંચાઈ સુધી તૈયાર થનારી આ રચનામાં આશરે 1,400 કિલોગ્રામ વજન સહન કરવાનો પડકાર રહેશે. આ સમગ્ર પ્રયોગમાં ખીલીઓ વચ્ચે માત્ર એક ઇંચનું અંતર રાખવામાં આવશે.

'મોસ્ટ પીપલ ઓન અ વન ઇંચ બેડ ઓફ નેલ્સ' નામના આ રેકોર્ડ પ્રયાસમાં ટીમના સભ્યો એકબીજાની ઉપર ખીલીઓની પથારી પર સૂઈને અનોખું ફોર્મેશન બનાવશે.





આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧])] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૦૨/સપ્ટેમ્બર/૨૦૨૨** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહ–દેવાદારો અને જામીનદારો ૧. વિશાલ પ્રકાશચંદ્ર વખારીયા ૨. નિશા વિશાલ વખારીયા,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૫,૨૪,૧૧૭.૫૨/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ ચોવીસ હજાર એકસો સતર અને બાવન પૈસા પુરા) તા.૦૧. સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૮મી નવેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૨૫,૨૪,૧૧૭.૫૨/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ ચોવીસ હજાર એકસો સતર અને બાવન પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે આર.એમ રેડ્ડીની –એ, તરીકે ઓળખાતી બિલ્ડીંગ ના બી વિંગ ના ૮મા માળનો ફ્લેટ નં.૮૦૫ માપ ૧૦૮૦ ચો.ફુટ (૧૦૦.૩૭ ચો.મી) સુપર બિલ્ટઅપ એરિયા ના બાંધકામ થયેલ એન.એ જમીન નો સર્વે નં.૬૪૧/૧/પૈકી ૪/ પૈકી ૨, ગામ.ભાગડાવાડા, તાલુકા અને જી.વલસાડ,ગુજરાત–૩૯૬૦૦૧ ખાતે આવેલ છે.

સહિ/–
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૧૮/૧૧/૨૦૨૬
સ્થળ : વલસાડ, ગુજરાત
લોન ખાતા નં.: ૩૭૬૮૫૪૪૬ અને ૩૭૬૯૩૯૨૫